# પી.યુ.સી. સેન્ટરો પર વધુ ફી વસુલાશે તો દંડ કરાશે, સે-૩ ન્યુના સેન્ટરનું લાયસન્સ રદ

## વિડીયો રેકોર્ડીંગ ન હોવાથી આર.ટી.ઓ. કચેરીએ પગલા લીધા

ગાંધીનગર તા ૧૨

ટ્રાફિકના નિયમોની કડક અમલવારીના લીધે વાહનચાલકોમાં પણ જાગૃતિ કેળવાઇ છે. ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા માટે સજાગ બનતા હાલ નગરના પી યુ સી સેન્ટરો પર વાહનોની કતાર લાગેલી જોવા મળે છે. શહેરમાં વાહનોના પીયુસી માટે વાહનચાલકો સવારથી જ લાઇન લગાવી દે છે. બીજીતરફ આજે ગાંધીનગર આર ટી ઓ કચેરી પાસે સ્થિત સે-૩ ન્યુ ના એક પી યુ સી સેન્ટરમાં વીડીયો રેકોર્ડીંગના અભાવે આર ટી ઓ તંત્ર દ્વારા આ પી યુ સી સેન્ટરનુ લાયસન્સ રદ કરી દેવાયુ છે. વધુમાં નિયમથી વધુ પૈસા ન લેવા પણ નગરના પીયુ સી સેન્ટરોને તાકીદ કરાઇ છે.

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનના કડક અમલના પગલે વાહનચાલકો જાગૃત બન્યા છે.લાયસન્સ , પીયુસી મેળવવા માટે પણ આર ટી ઓ કચેરી તેમજ પીયુસી સેન્ટરો પર લાંબી કતાર જોવા મળી રહી છે. ત્યારે આજે સે-૩ ન્યુમાં સ્થિત રાજ પીયુસી સેન્ટરનુ લાયસન્સ આર ટી ઓ કચેરી દ્વારા મોકુફ કરી દેવાયુ છે. એ આર ટી ઓ અધિકારીએ આ સેન્ટર દ્વારા વિડીયો રેકોર્ડીંગ ન થતુ હોવાનુ ધ્યાને આવતા ગંભીર બેદરકારી ગણીને આ સેન્ટરનુ લાયસન્સ રદ કરી દેવાયુ છે. હાલ શહેરના પીયુસી સેન્ટરો પર વાહનચાલકોની ભીડ જોવા મળી રહી છે. સવારથી જ પીયુસી સર્ટીફિકેટ કઢાવવા માટે વાહનચાલકોની કતાર જામે છે. આવા સંજોગોમાં



વાહનચાલકો પાસેથી નિયત ફી થી વધુ રકમ ન વસુલવા માટે પણ આર ટી ઓ કચેરી દ્વારા સેન્ટરના સંચાલકોને તાકીદ કરવામાં આવી છે. પી યુ સી સેન્ટરો પર યોગ્ય નિયમોનુ પાલન થાય છે કે કેમ તે અંગેની પુરતી તકેદારી રાખવા માટે એક ઇન્સ્પેકટરની નિમણુંક પણ કરવામાં આવી છે. જેના લીધે શહેરના તમામ સેન્ટરો પર આકસ્મિક ચકાસણી કરવામાં આવશે.

રોજબરોજના ઘરના કે નોકરી કે ધંધા-રોજગાના કામો છોડી નિર્દોષ નાગરિકોને બહુ ભયંકર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જે બિલકુલ યોગ્ય કે વાજબી ના કહી શકાય. આ સમગ્ર વાતમાં નિર્દોષ નાગરિકોના બંધારણીય અધિકારના હનની પણ વાત આવે છે, તેથી રાજય સરકારે તાત્કાલિક ધોરણે આ નવા નિયમોની અમલવારી હાલ પૂરતી મોકૂફ રાખી, તેના માટે બે-ચાર મહિના જેટલો પૂરતો સમય આપવાની જાહેરાત કરવી જોઇએ કે જેથી જાહેરજનતામાં ઉઠેલો ઉહાપોહ અને ડરનો એક માહોલ છે, તે શાંત થાય.

# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં મેલેરિયા તંત્રની લાલ આંખ

## ૨૦ કન્સ્ટ્રક્શન સાઈટો, ૧૮ સોસાયટીના હોદ્દેદારો અને ૧૨ કોમર્શીયલ વિસ્તારની દુકાનોને નોટીસ આપતુ મેલેરિયા તંત્ર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક વિકાસ પામી રહેલ ન્યુ ગાંધીનગરનો વિસ્તાર વાહકજન્ય રોગચાળા મોટ અતિ સંવેદનશીલ વિસ્તાર બન્યો હોવાથી જિલ્લાભરમાંથી બોલાવાયેલ ટીમોએ આજે સઘન સર્વેલન્સ કરી ૫૦ જેટલી નોટીસો આપી છે.

આ વિસ્તારમાં આવેલી કન્સ્ટ્રક્શન સાઈટો જે ૧૪૫ જેટલી છે તેની તપાસમાં ૨૦ જેટલા સ્થાનોએથી એડીસ મચ્છરોના ભારે બ્રીડીંગ મળી આવતાં તંત્ર દ્વારા નોટીસો થમાવી દેવામાં આવી છે. આ ઉપરાંત આ વિસ્તારની રહેઠાણની ૧૫૭ સોસાયટીઓના સર્વેલન્સ દરમ્યાન ૧૮ જેટલી સોસાયટીઓમાં પણ મચ્છરોના ભારે બ્રીડીંગ મળતાં સોસાયટીના હોદેદારોને નોટીસ આપવામાં આવી છે.

આજે તંત્રની ટીમોએ ૨૪ હજાર જેટલા મકાનોમાં સર્વેલન્સની કામગીરી કરી ૨૩,૬૦૦ જેટલા પાત્રોની ચકાસણી કરી હતી જેમાંથી ૪૭૭ પાત્રોમાં મચ્છરો મળ્યા હતા.

તંત્રની ટીમોએ પહેલીવાર વાણિજ્ય વિસ્તારમાં પણ સર્વેલન્સની કામગીરી કરી હતી અને બે મોલ માલિકોને નોટીસ આપી એટલુ જ નહિ પણ ૧૨ દુકાનદારોને પણ નોટીસ પકડાવામાં આવી છે.

આમ આજે ૨૦ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકો, ૧૮ સોસાયટીના હોદ્દેદારો અને ૧૨ જેટલા મોલના વેપારીઓને આ નોટીસ થમાવામાં આવી છે. તંત્ર દ્વારા આ વિસ્તાર સંવેદનશીલ હોવાથી દર સોમવાર અને ગુરૂવારે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. જિલ્લાતંત્ર દાવો કરી રહ્યુ છે કે જિલ્લામાં છુટાછવાયા ડેન્ગ્યુના કેસો મળી રહ્યા છે જરૂર પણ મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જિલ્લાનું આરોગ્યતંત્ર કહી રહ્યુ છે. જોકે પાછોતરો વરસાદ હજુ ચાલુ છે અને મચ્છરોની ઉત્પત્તિ માટે એકદમ સાનુકૂળ વાતાવરણ છે તેથી છુટા છવાયા કેસો મળી રહ્યા છે પરંતુ તંત્રએ આ રોગચાળો વકરે નહિ તે માટે જે રોડમેપ તૈયાર કર્યો છે તેના સારા પરિણામો મળી રહ્યા છે.

જિલ્લામાં એક હજારથી પણ વધુ સ્થાનો પર ગપ્પી માછલીઓ મુકવામાં આવી છે. પાછોતરો વરસાદ થતાં પાણી ભરાઈ રહેવાની સમસ્યા છે અને એબેટની કામગીરીને અસર જરૂર થઈ છે પરંતુ લોક જાગૃતિ અભિયાન હાઉસ ટુ હાઉસ કરી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં તંત્ર સફળ રહ્યુ છે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.



કોલેજ કાળ એટલે તરૂણાવસ્થામાંથી યુવાનીમાં પ્રવેશવાનો કાળ અને આ સમયગાળામાં જોશ, ઉત્સાહ અને તરવરાટ ઉભરાતો હોય છે. વળી, આ એવી વય છે જ્યારે મિત્રતા ઘનિષ્ટ બને છે અને તે મિત્રતામાં સાથે મળીને માણેલો આનંદ કે મસ્તી જીવનભર યાદ રહી જતાં હોય છે. ગાંધીનગરના એસ.ટી. બસસ્ટેન્ડની કમ્પાઉન્ડ વોલ પર બેસીને 'ફ્રેન્ડશીપ'નો આનંદ માણી રહેલા આ યુવાનો દિવાલ કેટલી મજબૂત છે અને કદાચ તુટી પડશે તો શું હાલત થશે તેનું કંઈ પણ વિચારવાની તસ્દી પણ લેતાં નથી.



ગાંધીનગર જિલ્લામાં જોખમી સગર્ભા માતાઓ માટે યોજાયેલ મેડીકલ કેમ્પમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોર તરફથી આ સગર્ભા માતાઓને ૧ કિલો ઘી અને ૧ કિલો મગની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ મેડીકલ કેમ્પમાં જિલ્લાના આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# વાહકજન્ય રોગચાળા માટે સર્વેલન્સની કામગીરી માટે આવતા સુપરવાઈઝરને અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર નજીક વિકાસ પામી રહેલ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના નિયંત્રણની કામગીરી માટે આવી રહેલ એક સુપરવાઈઝરને લવારપુર નજીક અકસ્માત નડતાં તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે અને તેના પર સર્જરી કરવામાં આવી છે જ્યાં તેમની હાલત સુધારા પર છે.

મળતી વિગતો મુજબ બહિયલ આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર મન્સુરી આજે ન્યુ ગાંધીનગરમાં સર્વેલન્સની કામગીરી માટે આવી રહ્યા હતા ત્યારે લવારપુર નજીક તેમની બાઈકને અકસ્માત થયો હતો. આ પછી સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં ઓ.ટી. બંધ હતુ. આ ઓ.ટી. ટેકનીકલ ક્ષતિઓને કારણે બંધ હોવાથી તેમજ મન્સુરીને ફ્રેક્ચર થયુ હોવાથી ઓપરેશન જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની ફરજ તેમના પરિવારને પડી હતી.

તેમના પર સે. ૨૨ની ખાનગી હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી અને હાલ તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

મેલેરિયાતંત્રના કર્મચારીઓએ આખો દિવસ તેમની ફરજ બજાવી સાંજે તેમની ખબર કાઢવા તેમના સાથીઓ પહોંચ્યા હતા. આ વેળાએ સર્જાયેલા ભાવુક દશ્યો જોઈ સૌની આંખના ખૂણા ભીના થયા હતા. તંત્રના કર્મચારીઓએ બતાવેલી હૂંફ અને લાગણીનું વર્ણન પરિવારના સભ્યો કરવા અસમર્થ હતા.

જો કે આ ઘટના નજરે જોનારાઓએ કહ્યુ કે ડ્યુટી ફર્સ્ટ અને વજથી પણ કઠોર અને ફુલથી પણ કોમળ બની એક પ્રેરક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે તે ખરેખર અભિનંદનીય છે. સાથીઓ મળ્યા ત્યારે મન્સુરીએ કહ્યુ કે બરાબર સર્વેલન્સની કામગીરી કરી છે ને... જિલ્લામાં વાહકજન્ય રોગચાળો માથુ ના ઉંચકે તે જો જો... મારી ચિંતા કરશો નહિ... આ સંવેદનશીલ વિસ્તાર છે ધ્યાનથી કામ કરજો... આ શબ્દો સતત તેમના સાથીઓ જ્યારે પહોંચ્યા ત્યારે તેમણે ઉચ્ચાર્યા હતા.

# દહેગામના સાણોદા ગામેથી આઠ ફૂટનો અજગર મળ્યો

## ગાંધીનગર સ્નેક લવર્સ ગૃપના સભ્યોએ જીવ સટોસટની બાજી લગાવી રેસ્ક્યુ કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ચોમાસાની ઋતુમાં સાપ નિકળવાની ઘટનાઓ ખૂબ વધી જાય છે કેમ કે આ ઋતુ દરમ્યાન સર્પો સૌથી વધુ



આહાર ગ્રહણ કરે છે જેથી આવનારા શિયાળાના શીતકાળ દરમ્યાન ભૂગર્ભમાં ચાલ્યા જવાનું થાય ત્યારે તે એનર્જીના સહારે પોતાનું જીવન ટકાવી શકે. સામાન્ય રીતે ગાંધીનગર જિલ્લામાં અનેક પ્રકારના સર્પ જોવા મળે છે પરંતુ 'અજગર' જવલ્લે જ જોવા મળ્યો છે. ગઈકાલે શહેરના સ્નેકલવર્સ ગૃપના સભ્યોએ દહેગામના સાણોદા પાસેથી એક આઠ ફુટના અજગરને જીવના જોખમે રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપતા ભારે અચરજ ફેલાવા પામી છે. આ અજગરને વન વિભાગ દ્વારા સલામત રીતે જંગલમાં છોડી મુકાયો હતો.

ગત રાત્રે લગભગ સાડા નવ વાગ્યાના સુમારે દહેગામ તાલુકાના સાણોદા ગામેથી એક ગ્રામવાસીએ સ્નેક લવર્સ ગૃપને ફોન કરી ઝાડ પર અજગર જોયો હોવાની માહિતી આપી હતી. આ બાબતની જાણ થતાં જ સ્નેક લવર્સ ગૃપના સભ્યો દિપકભાઈ, અલ્પેશભાઈ, નિકેતભાઈ, અનિરૂદ્ધસિંહ, કલ્પેશભાઈ, પંકજભાઈ અને રોનકભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા જ્યાં તેમણે ૮ ફૂટના અજગરને નિહાળ્યો હતો. આ અજગરને ગૃપના દિપકભાઈ તથા અલ્પેશભાઈએ જીવના જોખમે હિંમત કરી રેસ્ક્યુ કર્યો હતો અને વન વિભાગને સોંપ્યો હતો પછી જ ગ્રામજનોના જીવમાં જીવ આવ્યો હતો.

# ધનજી ઉર્ફે ઢબુડી માતા પેથાપુર પોલીસની સમક્ષ ઉપસ્થિત થયો

## પોલીસ દ્વારા જારી કરાયેલા સમન્સ અનુસંધાનમાં હાજર થયો હોવાનો ધનજીનો બચાવ : પોલીસની ચકાસણી જારી

ગાંધીનગર,તા. ૧૨

ગાંધીનગર નજીક પેથાપુર પોલીસ સ્ટેશનમાં થયેલી અરજીના અનુસંધાને ગઇ મોડી રાતે ૧૧.૪૫ વાગ્યે ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતા હાજર થયો હતો. પેથાપુર પોલીસે બપોર બાદ આપેલા બીજા સમન્સ બાદ તે પોલીસ સ્ટેશનમાં જવાબ આપતા પોલીસે જવા દીધો હતો, જેને લઇ લોકોમાં અનેક અટકળો અને તર્ક-વિતર્કો વહેતા થયા હતા. કારણ કે, થોડા દિવસ પહેલાં જ ગાંધીનગર કોર્ટ દ્વારા આરોપી ધનજી ઓડની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હોવાથી તેની ધરપકડની સંભાવનાઓ વધી ગઇ હતી પરંતુ પોલીસે શા માટે આ અંગે કોઇ પગલાં લીધા નહી તેને લઇને સવાલો ઉઠયા હતા. બીજીબાજુ, ધનજી ઓડે જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા અપાયેલા સમન્સને અનુસંધાને હાજર રહી જવાબ આપ્યો હતો.

પેથાપુર પોલીસે આરોપી ધનજી ઓડનું નિવેદન અને જવાબ નોંધી સમગ્ર કેસમાં વધુ તપાસ જારી રાખી છે. ઉલ્લેખનીય છે કે, ગઢડાના રહીશે પેથાપુર પોલીસસ્ટેશનમાં ધનજી ઓડ સામે અરજી કરી હતી કે, તે અંધશ્રદ્ધા ફેલાવે છે. અરજીમાં આક્ષેપ કરાયો હતો કે, અરજદારના પુત્રને કેન્સર હોવાથી ત્રણ વર્ષ પહેલાં તેઓ ધનજી ઓડ પાસે ગયા હતા અને ધનજીના કહેવાથી દવા બંધ કરી દેતા પુત્રનું મોત થયું હતું. આ અરજી બાદ તાજેતરમાં જ ગાંધીનગર સેશન્સ કોર્ટે ધનજી ઓડની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસની તપાસ ચાલુ હોવાથી કોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી હતી. ધનજી ઓડની જામીન અરજીની સુનાવણી દરમ્યાન એવો બચાવ રજૂ કર્યો હતો કે, ધનજી હિન્દુ ધર્મનાં પ્રચાર માટે સભા કરે છે. પોલીસ જ્યારે તપાસ માટે બોલાવશે ત્યારે ધનજી ઓડ હાજર થઈ તપાસમાં સહયોગ આપશે. જો કે, કોર્ટે ધનજીને કોઇ રાહત આપી ન હતી અને તેની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. જેથી આખરે ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાજીને પેથાપુર પોલીસ સમક્ષ હાજર થવાની ફરજ પડી હતી.

# શહેરમાં ૧૯૫ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી ૩૧ હજાર દંડ વસુલાયો

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા એજ સેવા અભિયાન અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટિક માટે ગઈકાલથી હાથ ધરાયેલ ઝુંબેશ આજે બીજા દિવસે પણ યથાવત રહી હતી. તંત્રની ટીમો દ્વારા ૪૩ ઈસમો પાસેથી ૧૯૫ કિલો સીંગલ યુજ પ્લાસ્ટીક જપ્ત કરી રૂ. ૩૧ હજારથી વધુ દંડની વસુલાત કરવામાં આવી છે.

બે દિવસ દરમ્યાન તંત્રની ટીમોએ આ અભિયાન અંતર્ગત રૂ. ૬૦ હજારથી વધુ દંડની વસુલાત કરી છે. આ કામગીરી આખા સપ્તાહ દરમ્યાન ચાલુ રહેશે.

શહેરને પ્લાસ્ટીકમુક્ત બનાવવાના અભિયાનની સાથે સાથે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવતાં વેપારીઆલમ પણ તોબા પોકારી ઉઠ્યો છે. હવે વેપારીઓ પણ વાસણ અથવા થેલી લઈને આવે તેની સાથે જ વાણિજ્ય વ્યવહાર કરી રહ્યા છે.

# ટ્રાફિક નિયમોની અમલવારી માટે વધુ સમય આપવા માંગ

## પીયુસી, લાઇસન્સ, આરસી બુક, ઇન્શ્યોરન્સના દસ્તાવેજો પૂર્ણ કરવા પૂરતો સમય આપવો પડે ને : સરકારને અનુરોધ

કેન્દ્ર સરકારના મોટર વ્હીકલ એકટની નવી જોગવાઇઓ અને દંડના નવા નિયમોમાં આંશિક ઘટાડા સાથે ગુજરાત રાજયમાં તા.૧૬મી સપ્ટેમ્બરથી અમલવારી કરવાની રાજય સરકાર દ્વારા કરાયેલી જાહેરાત બાદ હવે અમદાવાદ શહેર સહિત રાજયભરના પ્રજાજનોમાં એક પ્રકારનો આંતરિક રોષ ભભૂકી ઉઠયો છે. કારણ કે, નાગરિકોને પીયુસી, લાઇસન્સ, આરસી બુક કે ઇન્શ્યોરન્સ સહિતના દસ્તાવેજો પરિપૂર્ણ કરવા માટેનો પૂરતો સમય પણ આપવામાં આવ્યો નથી અને તેના કારણે પીયુસી સેન્ટરો, આરટીઓ કચેરી સહિતના સ્થળોએ નાગરિકોની લાંબી લાંબી લાઇનો નજરે પડી રહી છે અને લોકો કલાકો સુધી લાઇનમાં ઉભા રહી બહુ ભયંકર હાલાકી અને માનસિક ત્રાસનો ભોગ બનવા માટે જાણે મજબૂર બન્યા છે. કેટલાક સિનિયર સીટીઝન્સ સહિતના નાગરિકોએ તો આજે કલાકો સુધી લાઇનમાં ઉભા રહી વેઠેલી ભયંકર હાલાકી બાદ સરકારના તઘલખી ફરમાન પરત્વે આક્રોશ અને બળાપો ઠાલવતાં જણાવ્યું હતું કે, આટલા મોટા અને રાષ્ટ્રવ્યાપી નિર્ણયની અમલવારી કરવાની હોય તો નાગરિકોને પૂરતો સમય તો આપવો પડે ને..માત્ર-બે ચાર દિવસમાં અચાનક આટલા મોટા નિર્ણયની અમલવારી કેવી રીતે થઇ શકે? વાસ્તવમાં કોઇપણ કાયદો કે નિયમો નાગરિકોની સુખાકારી અને સાનુકૂળતા માટે હોય છે, નહી કે, જાહેરજનતાને હેરાન કરવા કે હાલાકી ભોગવવા માટે મજબૂર કરવા માટે. સરકારે ખરેખર તો, ગંભીરતા દાખવી અને પુખ્ત વિચારણા કરી ટ્રાફિકના નવા નિયમોની અમલવારી માટે પૂરતો સમય આપવો જોઇએ અને ત્યારબાદ તેની અમલવારી કરવી જોઇએ. ત્યાં સુધી આ નવા નિયમોની અમલવારી મોકૂફ રાખવી જોઇએ. કેટલાક નાગરિકોએ વ્યવહારૂ વાત કરતાં જણાવ્યું હતું કે, ટ્રાફિકના નવા નિયમોની તાત્કાલિક અમલવારી આ પ્રકારે શકય જ નથી. આ તો માત્ર પ્રજાને હેરાન કરવાની અને તેમને ડરાવવાની વાત છે, બીજુ કંઇ નહી. દંડના નામે સરકાર કરોડો-અબજો રૂપિયા સરકારની તિજોરીમાં ભરવા માંગે છે પરંતુ નાના ગરીબ અને મધ્યમ વર્ગના માણસો માટે દંડની આ રકમ આખો મહિનો તેમનું ભરણપોષણ કે બાળકોનું ગુજરાન થઇ જાય એટલી છે. સરકારે ખરેખર આ મામલે ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ કારણ કે, આમાં લાખો પ્રજાજનો હાય લેવાની વાત છે સરકાર માટે. વળી, જો આ અમલવારી કરવી પણ હોય તો તે માટે સરકારે લોકોને પૂરતો સમય આપવો પડે. એટલા માટે, કે કોઇના લાઇસન્સની મુદત પૂરી થતી હોય, ઇન્શ્યોરન્સની તારીખ પતતી હોય કે, પીયુસી અને આરસી બુકને લઇ કોઇ પ્રશ્ન કે સમસ્યા હોય તો તેના નિવારણ કે નવી કઢાવવા માટે પણ સમય તો જોઇએ ને.. રાજય સરકારના આ પ્રકારે અચાનક તા.૧૬મીથી અમલવારીના તઘલખી ફરમાનથી અત્યારે પીયુસી સેન્ટરો, આરટીઓ કચેરીઓ, વીમાકંપનીઓ સહિતના સ્થળોએ નાગિરકોને લાંબી લાંબી લાઇનો લગાવવાની ફરજ પડી છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કોઠા ગામે સરકારી પ્રાથમિક શાળામાં ''સ્વચ્છતા પખવાડિયા''ની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સંવાદ સ્પર્ધા, કાવ્ય નિર્માણ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ''પ્લાસ્ટિક મુક્ત ભારત'', ''ગાંધીજી અને સ્વચ્છતા'' વગેરે જેવા વિષયો પર ભાર મુકાયો હતો.